બોલરોના પ્રભાવક પ્રદર્શનથી ભારતે બાંગ્લાદેશને ક્લિન સ્વીપ કર્યું

બે દિવસ વરસાદે ધોઇ નાંખ્યા છતાં ભારતીય ટીમે બીજી ટેસ્ટમાં બાંગ્લાદેશને સાત વિકેટે હરાવી સીરિઝ 2-0થી જીતી

બુમરાહ, અશ્વિન, જાડેજાએ મળીને બાંગ્લાદેશનો બીજો દાવ 146 રને સમેટ્યા પછી ભારતે 3 વિકેટે 95 રનનો લક્ષ્યાંક આંબી લીધો

બંને દાવમાં અર્ધસદી ફટકારનાર જયસ્વાલ પ્લેયર ઓફ ધ મેચ, 114 રન કરવાની સાથે 11 વિકેટ લેનાર અશ્વિન પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર થયા

કાનપુર, તા. 01 : વરસાદથી પ્રભાવિત અહીં રમાયેલી બીજી ટેસ્ટમાં પ્રથમ દિવસે માત્ર 35 ઓવરની રમત રમાયા પછી બે દિવસ વરસાદે ધોઇ નાંખ્યા હોવા છતાં આજે સોમવારે પાંચમાં અને અંતિમ દિવસે જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા અને રવિચંદ્રન અશ્વિનની પ્રભાવક બોલિંગની મદદથી ભારતીય ટીમે બાંગ્લાદેશનો બીજો દાવ 146 રનમાં સમેટીને પછી જીત માટે મળેલા 95 રનના લક્ષ્યાંકને યશસ્વી જયસ્વાલની અર્ધસદી તેમજ વિરાટ કોહલીની નોટઆઉટ 29 રનની ઈનિંગની મદદથી 3 વિકેટે કબજે કરી સાત વિકેટે જીત મેળવીને બાંગ્લાદેશને 2-0થી ક્લિન સ્વીપ કરી ભારતે ઘરઆંગણે પોતાની વિજય યાત્રા જાળવી રાખી હતી.

બાંગ્લાદેશના 95 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે યશસ્વી જયસ્વાલના 45 બોલમાં 8 ચોગ્ગા અને 1 છગ્ગા સાથેના 51 રન, અને વિરાટ કોહલીના 37 બોલમાં 29 રનની ઈનિંગ તેમજ બંને વચ્ચે ત્રીજી વિકેટ માટે 58 રનની ભાગીદારીની મદદથી 17.2 ઓવરમાં ત્રણ વિકેટે 98 રન બનાવીને સરળ વિજય નોંધાવ્યો હતો. આ પહેલા બાંગ્લાદેશના બીજા દાવમાં ભારત તરફથી જાડેજાએ 34 રનમાં ત્રણ, જસપ્રીત બુમરાહે 17 રનમાં ત્રણ અને રવિચંદ્રન અશ્વિને 50 રનમાં ત્રણ વિકેટ લીધી હતી, જ્યારે આકાશ દીપ 20 રનમાં એક વિકેટ લીધી હતી. બાંગ્લાદેશ માટે ઓપનર શાદમાન ઈસ્લામે બીજી ઈનિંગમાં સૌથી વધુ 50 રન બનાવ્યા હતા. તેના સિવાય માત્ર મશફિકુર રહીમે 37 રન બનાવ્યા હતા. બંને દાવમાં અર્ધસદી ફટકારનાર જયસ્વાલ પ્લેયર ઓફ ધ મેચ, 114 રન કરવાની સાથે 11 વિકેટ લેનાર અશ્વિન પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર થયા હતા.

ભારતે WTC ટેબલમાં ટોચનું સ્થાન વધુ મજબૂત કર્યું

બાંગ્લાદેશ સામેની ટેસ્ટ સીરિઝની બીજી ટેસ્ટમાં મળેલી જીતની સાથે જ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યુટીસી) ટેબલમાં ટોચ પર રહેલા ભારતે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું હતું. ભારતના 11 મેચમાં આઠ જીત, બે હાર અને એક ડ્રો સાથે 98 પોઇન્ટ છે અને તેની જીતની ટકાવારી 74.24 ટકા છે. ઓસ્ટ્રેલિયા આઠ જીત, ત્રણ હાર અને એક ડ્રો સાથે 90 મેચમાં 62.50 ટકા પોઇન્ટ સાથે બીજા સ્થાને છે.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઇન્ટ ટેબલ

ક્રમ	ટીમ	મેચ	જીત	હાર	ડ્રો	પેનલ્ટી	પોઇન્ટ	ટકાવારી
1	ભારત	11	8	2	1	-2	98	74.24
2	ઓસ્ટ્રેલિયા	12	8	3	1	-10	90	62.50
3	શ્રીલંકા	9	5	4	0	0	60	55.56
4	ઇંગ્લેન્ડ	16	8	7	1	-19	81	42.19
5	દક્ષિણ આફ્રિકા	6	2	3	1	0	28	38.89
6	ન્યૂઝીલેન્ડ	8	3	5	0	0	36	37.50
7	બાંગ્લાદેશ	8	3	5	0	-3	33	34.38
8	પાકિસ્તાન	7	2	5	0	-8	16	19.05
9	વેસ્ટઇન્ડિઝ	9	1	6	2	0	20	18.52

કાનપુર ટેસ્ટમાં ભારતના નામે નોંધાયેલા કેટલાક રેકોર્ડ

એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ 90 છગ્ગાનો ભારતનો રેકોર્ડ

કાનપુર ટેસ્ટમાં ભારતીય ટીમે એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો નવો રેકોર્ડ બનાવ્યો હતો. ભારતીય ટીમે 2022 માં 89 છગ્ગાનો રેકોર્ડ બનાવનાર ઇંગ્લેન્ડને પાછળ પાડીને આ વર્ષે અત્યાર સુધી 90 છગ્ગા ફટકાર્યા છે.

જયસ્વાલનો એક WTC સાયકલમાં સૌથી વધુ રનનો ભારતીય રેકોર્ડ

જયસ્વાલે WTC સાયકલમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી તરીકેનો રેકોર્ડ બનાવ્યો હતો. તેણે આ મામલે 2019-21ની સાયકલમાં 1159 રન બનાવનાર અજિંક્ય રહાણેને પાછળ છોડ્યો હતો. જયસ્વાલ હાલમાં 19 ઇનિંગ્સમાં 1166 જેટલા રન બનાવી હાલની WTC સિઝનમાં બીજા સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ બન્યો છે.

રોહિત શર્મા ટેસ્ટ ઇનિંગ્સના પ્રથમ બે બોલમાં સિક્સર ફટકારનાર ચોથો ખેલાડી બન્યો

કાનપુર ટેસ્ટમાં ભારતના પ્રથમ દાવ દરમિયાન પોતાની ઇનિંગના પહેલા બે બોલે છગ્ગા ફટકારીને રોહિત શર્મા આવું કરનારો ચોથો ખેલાડી બન્યો હતો. તેના પહેલા 1940નામાં વેસ્ટ ઇન્ડિઝનો જિમ લેકર, 2013માં સચિન તેંદુલકર અને 2019માં ઉમેશ યાદવ આ દુર્લભ સિદ્ધિ મેળવી ચૂક્યા હતા.

બુમરાહ 2024માં તમામ ફોર્મેટમાં 50 વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો

ટીમ ઇન્ડિયાનો સૌથી ભરોસાપાત્ર ઝડપી બોલર, જસપ્રીત બુમરાહ પોતાનું વર્ચસ્વ જાળવી રાખીને 2024 કેલેન્ડર વર્ષમાં ત્રણેય ફોર્મેટમાં 50 વિકેટ ઝડપનાર પ્રથમ બોલર બની ગયો હતો. તેણે આ સિદ્ધિ ચોથા દિવસે મેળવી હતી.

કાનપુર ટેસ્ટમાં અશ્વિને મુથૈયા મુરલીધરનની બરોબરી કરવા સાથે ઘણાં રેકોર્ડ કર્યા

બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટ ભારતે 7 વિકેટે જીત્યા પછી 2-0થી સીરિઝ કબજે કરી હતી અને તેની સાથે આ ટેસ્ટ સીરિઝમાં 114 રન કરવાની સાથે જ કુલ 11 વિકેટ ઝડપનાર રવિચંદ્રન અશ્વિનને પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર કરાયો હતો અને તેની સાથે જ ટેસ્ટમાં સૌથી વધુવાર પ્લેયર ઓફ ધ સીરિઝ મામલે તેણે શ્રીલંકાના મહાન બોલર મુથૈયા મુરલીધરનની બરાબરી કરી લીધી છે. આ બંને હવે એક સમાન 11 વાર પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર થયા છે. અન્ય ખેલાડીઓની વાત કરીએ તો, જેક્સ કાલિસ 9 વખત, સર રિચર્ડ હેડલી, ઇમરાન ખાન અને શેન વોર્ન પણ 8-8 વખત પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો છે. આ સિવાય પણ અશ્વિને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ત્રણેય એડિશનમાં 50 કે તેથી વધુ વિકેટ ઝડપનારો પ્રથમ બોલર બનવાની સાથે ઘણાં રેકોર્ડ પોતાના નામે કર્યા હતા.

ટેસ્ટમાં સૌથી વધુ પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર થનારા ખેલાડીઓ

ખેલાડી	દેશ	POTS
મુથૈયા મુરલીધરન	શ્રીલંકા	11
રવિચંદ્રન અશ્વિન	ભારત	11
જેક કાલિસ	દ.આફ્રિકા	09
રિચાર્ડ હેડલી	ન્યૂઝીલેન્ડ	08
ઇમરાન ખાન	પાકિસ્તાન	08

ભારત-બાંગ્લાદેશ ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ

અશ્વિને ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાયેલી ટેસ્ટ મેચોમાં સૌથી વધુ વિકેટ ઝડપવાનો ઝહીર ખાનનો રેકોર્ડ તોડી નાખ્યો. ઝહીરે સાત મેચમાં 31 વિકેટ લીધી હતી, જ્યારે અશ્વિને હવે આઠ ટેસ્ટમાં 34 વિકેટ પોતાના નામે કરી છે.

WTC 2023-25માં સૌથી વધુ વિકેટ

રવિચંદ્રન અશ્વિને 10 મેચોમાં 53 વિકેટ સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની હાલની 2023-25 એડિશનમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે. તેના પછી ઓસ્ટ્રેલિયાનો ઝડપી બોલર જોશ હેઝલવુડ 11 મેચમાં 51 વિકેટ સાથે બીજા સ્થાને છે.

ત્રણેય WTC એડિશનમાં 50 વિકેટ લેનાર પ્રથમ બોલર

બીજી ટેસ્ટની પ્રથમ ઇનિંગમાં બે વિકેટ લીધી તેની સાથે અશ્વિને એક અલગ ઇતિહાસ રચ્યો હતો અને તે અત્યાર સુધી રમાયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ત્રણેય એડિશનમાં ઓછામાં ઓછી 50 વિકેટ લેનારો પ્રથમ બોલર બન્યો હતો.

એશિયામાં ભારતીય બોલર તરીકે સૌથી વધુ વિકેટ

કાનપુર ટેસ્ટમાં પ્રથમ વિકેટ લેતાની સાથે અશ્વિને એશિયામાં રમાયેલી ટેસ્ટમાં ભારત માટે સૌથી વધુ વિકેટ લેવાનો અનિલ કુંબલેનો રેકોર્ડ તોડ્યો હતો. કુંબલેએ એશિયામાં રમાયેલી ટેસ્ટમાં 419 વિકેટ લીધી છે, જ્યારે અશ્વિનના નામે 424 વિકેટ છે.

ભારતના અગાઉ કદી ન જોવા મળેલા અભૂતપૂર્વ વલણ પર ઝડપથી પ્રતિક્રિયા ન આપી શક્યા : હથુરુસિંઘે

કાનપુર, તા. 01 (પીટીઆઈ) : બાંગ્લાદેશના મુખ્ય કોચ ચંડિકા હથુરુસિંઘે મંગળવારે સ્વીકાર્યું હતું કે તેમની ટીમ ભારતના અગાઉ કદી ન જોવા મળેલા બેટિંગ આક્રમણ સામે ઘરાશાયી થઇ ગઈ હતી અને આખરે હવામાનથી પ્રભાવિત બીજી ટેસ્ટમાં પરિણામ આવ્યું હતું. પ્રથમ ત્રણ દિવસમાં સતત વરસાદને કારણે આઠ સેશનની રમત રમાઈ શકી ન હતી અને એવું લાગી રહ્યું હતું કે મેચ નિસ્તેજ ડ્રો તરફ જઈ રહી છે. જો કે ભારતના આ આક્રમક વલણે પરિણામની આશા જગાવી અને પછી બીજી ઇનિંગમાં બાંગ્લાદેશને 146 રનમાં આઉટ કર્યા બાદ યજમાન ટીમે 17.2 ઓવરમાં 95 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. હથુરાસિંઘેએ કહ્યું હતું કે આ વલણ પહેલા કદી જોવા મળ્યું નહોતું અને અમે એટલી ઝડપથી પ્રતિક્રિયા આપી શક્યા ન હતા. મેચમાં આ પ્રકારના વલણ અને પરિણામ માટેનું શ્રેય રોહિત શર્મા અને તેની ટીમને જાય છે. તેણે કહ્યું હતું કે આ હાર અમારા માટે ખૂબ જ દુઃખદાયક છે. બેટિંગ નિરાશાજનક રહી હતી. છેલ્લી કેટલીક સીરિઝમાં અમે અમારી ક્ષમતા મુજબ પ્રદર્શન કરી શક્યા નથી.

ભારતે એક સમયે પ્રથમ દાવ જતો કરવાનો વિચાર પણ કરી જોયો હતો : રવિચંદ્રન અશ્વિન

કાનપુર ટેસ્ટમાં ભારતની 7 વિકેટે જીત પછી રવિચંદ્રન અશ્વિને ખુલાસો કર્યો છે કે બે દિવસ ધોવાયા પછી, ડ્રેસિંગ રૂમમાં પરિસ્થિતિ એવી હતી કે નેતૃત્વ જૂથે પરિણામ લાવવા માટે કાનપુર ટેસ્ટની તેમની પ્રથમ ઇનિંગ્સને જતી કરવાની સંભાવનાઓ અંગે ચર્ચા કરી હતી. પહેલા દિવસે માત્ર 35 ઓવર ફેંકાયા પછી બે દિવસ વરસાદે ધોઇ નાંખ્યા હતા. તે પછી ચોથા દિવસે સોમવારે બાંગ્લાદેશને 235 રનમાં ઝડપથી આઉટ કર્યા પછી, ઇનિંગ્સને જતી કરવાનો વિચાર કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરના મનમાં આવ્યો હતો. જો કે તે પછી ભારતીય ટીમે આક્રમક બેટીંગ કરીને દાવ ડિકલેર કર્યો હતો અને તેનો સીધો અર્થ એ થયો કે તેમના બોલરોએ ચોથા દિવસે કાતિલ બોલિંગની તૈયારી કરવી પડશે, અશ્વિને સ્વીકાર્યું કે શરૂઆતમાં, તે અને જસપ્રિત બુમરાહ આ નિર્ણયના ચોક્કસ ચાહક ન હતા. પરંતુ કેપ્ટન રોહિતની આગેવાની હેઠળ બેટિંગમાં જે ધમાલ થઇ હતી તે જોતાં, તેમાંથી બહાર નીકળવાનો બીજો કોઈ રસ્તો નહોતો.

ભારતની આક્રમક બેટિંગ અંગે રોહિત બોલ્યો, અમે 100 રનમાં પણ આઉટ થવા તૈયાર હતા

કાનપુર, તા. 0 (પીટીઆઈ) : રોહિત શર્માએ મંગળવારે અહીં ભારતની નાટકીય જીત બાદ કહ્યું હતું કે બાંગ્લાદેશ સામેની હવામાનથી પ્રભાવિત બીજી ટેસ્ટમાં પરિણામ મેળવવા માટે યજમાન ટીમ 100 રનની નજીક આઉટ થવાનું જોખમ ઉઠાવવા માટે તૈયાર હતી. રોહિતે કહ્યું હતું કે, જ્યારે ખરાબ હવામાનને કારણે અમે અઢી દિવસ ગુમાવ્યા પછી ચોથા દિવસે મેદાન પર આવ્યા ત્યારે અમે તેને શક્ય તેટલી ઝડપથી આઉટ કરવા માગતા હતા અને જોવા માંગતા હતા કે અમે બેટથી શું કરી શકીએ. આ પીચ પર પરિણામ મેળવવાનો ઘણો સારો પ્રયાસ હતો. તે એક જોખમ હતું જે અમે લેવા તૈયાર હતા ચોથા દિવસે બાંગ્લાદેશને પ્રથમ દાવમાં 233 રનમાં આઉટ કર્યા બાદ, ભારતે T20 શૈલીમાં બેટિંગ કરતા 34.4 ઓવરમાં નવ વિકેટે 285 રન બનાવી પ્રથમ દાવ ડિકલેર કર્યો હતો.

» ફિલ્ડ અમ્પાયર રિચાર્ડ કેટલબ્રોનું કાનપુર ટેસ્ટની કથા વર્ણવતુ ટ્વિટ

કોહલીએ શાકિબને પોતાનું બેટ હસ્તાક્ષર કરીને ગિફ્ટ કર્યું

કાનપુર, તા. 01 (પીટીઆઈ) : ભારતના સુપરસ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ મંગળવારે અહીં બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટ મેચની સીરિઝમાં ઘરઆંગણે ક્લીન સ્વીપ કર્યા બાદ મુલાકાતી ટીમના નિવૃત્ત થનાર ઓલરાઉન્ડર શાકિબ અલ હસનને પોતાનું બેટ હસ્તાક્ષર કરીને ભેટમાં આપ્યું હતું. અહીં વિદેશી ધરતી પર પોતાની છેલ્લી ટેસ્ટ રમી રહેલા શાકિબે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં સુધી બાંગ્લાદેશની વર્તમાન રખેવાળ સરકાર તેને દેશ છોડવામાં કોઈપણ પ્રકારની અડચણ ઊભી નહીં કરે ત્યાં સુધી તે દક્ષિણ આફ્રિકા સામેની હોમ સિરીઝમાં નહીં રમે. બીજી ટેસ્ટ મેચમાં ભારતનો સાત વિકેટે વિજય થયા બાદ કોહલી બાંગ્લાદેશ ટીમ તરફ ગયો અને બાંગ્લાદેશના મહાન ક્રિકેટરને પોતાનું બેટ સોંપ્યું હતું. બંને એકબીજાને શુભેચ્છા પાઠવતા અને હસતા જોવા મળ્યા હતા જ્યારે શાકિબે બેટ વડે 'શેડો ડ્રાઈવિંગ' કર્યું હતું.

૬૦૩૦ - 'ક્રુતિ'

				૧	૯			૫
	૨			૪	૮			
૬	૯				૫		૮	
૧			૮		૩			૯
૩		૯				૧		
૨		૮		૬		૫	૩	૪
૮		૨				૯		
૭		૬			૨	૮	૫	
				૮	૭		૧	૬

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૦૬૦૩-૮૬૬૭ ૬૬૭૬

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

વાળ કાળા કરવા તેલ

ભાંગરોનો રસ 500 મીલી, મંડુર ભસ્મ 250 ગ્રામ, ત્રિફ્લા ચૂર્ણ 125 ગ્રામ અને અનંત મૂળ ચૂર્ણ 250 ગ્રામ લઈ પાંચ લીટર પાણીમાં આખી રાત રાખી બીજા દિવસે ધીમા તાપે ઉકાળી 2 લીટર પાણી બાકી રહે ત્યારે ઉતારી લઈ ગાળી લો. આ પાણી બે કિલો કાળા તલના તેલમાં ભેળવી ખૂબ ધીમા તાપે ઉકાળી તેલ સિદ્ધ કરવું. રોજ વાપરવાથી અને નાકમાં ટીપાં મૂકવાથી વાળ કાળા થશે.

શબ્દગુંફન - ૬૭૮૨ અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. અગ્રેસર (૪)
૪. તબલાં વગાડનાર (૪)
૬. ખરચ, નિકાસ, જાવરો (૩)
૯. અગત્ય, જરૂરિયાત (૩)
૧૦. ડર, ત્રાસ(૪)
૧૨. વારંવાર યાદ કરવું (૨)
૧૩. પાણીનો જળાશય, કૂવો (૪)
૧૫. હશે, છો ને (૨)
૧૬. ઘોડી (૩)
૧૮. ઓછું વત્તું (૪)
૨૧. હત્યા, લોહી (૨)
૨૨. હોડ, બોલી (૩)
૨૩. ભાગ્યશાળી (૫)
૨૪. ઓછું (૨)
૨૫. ગોટાળો, વાંધો (૨)
૨૭. રહેઠાણ, મુકામ (૪)
૩૦. પુરુષ (૨)
૩૧. શરીરનો મધ્ય ભાગ, કેડ (૩)
૩૨. શહેર, પુર (૩)

ઊભી ચાવી

૨. લશ્કરમાં નવી ભરતી થનાર (૪)
૩. છુટ્ટી, પરવાનગી (૨)
૪. લાગ (૨)
૫. સહેજ (૩)
૭. મૂળ ગામ કે દેશ (૩)
૮. ટેક, આબરુ (૨)
૯. વૃદ્ધ (૩)
૧૦. કિનારો (૨)
૧૧. ખાડા ટેકરાવાળું (૬)
૧૩. પાછું (૨)
૧૪. મકાન, ગૃહ (૨)
૧૫. હેત, સ્નેહ (૩)
૧૭. રંગ, વર્ણ (૨)
૧૮. જરૂરી જ ખર્ચ કરવું (૫)
૧૯. પ્રથા, રિવાજ (૩)
૨૦. વાંદરું, કપિ (૩)
૨૪. સૈન્ય, છાવણી (૩)
૨૬. ગુફા બખોલ, કોતર (૩)
૨૭. જંગલ (૨)
૨૮. એક રૂપાળું પંખી (૨)
૨૯. આદર (૨)

૨૮૭૩ - ૮૬૬૭ ૮૬૬૩૭૮

આજનું પંચાંગ

તા. 02/10/2024, બુધવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** ભાદરવો
તિથિ: અમાવસ : 24:19- સર્વપિત્રી અમાવસ્યા
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો:10
નક્ષત્ર : ઊ.ફા.: 12:23 પછી હસ્ત
યોગ: વ્રહ્મ **કરણ :** ચતુષ્પદ
રાશિ : કન્યા (પ,ઠ,ણ)
દિવસ : પૂનમ: અમાવસનુ શ્રાદ્ધ, મહાલય સમાપ્ત, ગાંધી જયંતી- કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય
સુરતમાં સૂર્યોદય : 06:31 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:25
નવકારસી : 07:19
પારસીવર્ષ: 1394 ,અરદીબેહેસ્તમાસનો 19મો રોજ
મુસલમાન વર્ષ : 1446, રબિઉલ અવલ માસનો 28 મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે: 12:00 થી 13:30 સુધી

મેષ (અ.લ.ઇ.): વિજાતિય આવેગ સતાવશે. સ્ત્રી-મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં નવી તક મળશે.
વૃષભ (બ.વ.ઉ.): નવા રોકાણમાં ધીરજ રાખવી. નવા કામનું આયોજન ધીરજપૂર્વક કરવું. અશાંતિ વધે.
મિથુન (ક.છ.ઘ.): ઘરમાં સામાન્ય વાતાવરણના કારણે બહારના કામ સરળ બને. નોકરી માટે પ્રવાસ થાય.
કર્ક (ડ.હ.): સ્વાર્થી લોકોથી સાવધાન રહેવું. અડોશ-પડોશ સાથે વિવાદ ટાળવો. પ્રવાસ થાય.
સિંહ (મ.ટ.): રચનાત્મક કામ મળે. નવા સંબંધો બંધાય. નોકરીમાં પ્રમોશન થાય. જાહેર જીવનમાં અશાંતિ.
કન્યા (પ.ઠ.ણ.): પરિવાર વગેરેની અપેક્ષા વધે. નોકરીમાં નવી જવાબદારી નિભાવવી પડે.
તુલા (ર.ત.): કામનો બોજ, થાકનો અનુભવ કરાવે. આળસના કારણે તકનો લાભ લેવામાં વિલંબ
વૃશ્ચિક (ન.ય.): ઈર્ષાળુ મિત્રોથી નુકસાન થઈ શકે. પ્રેમમાં ગેરસમજ થાય. સંતાન ચિંતા સતાવે.
ધન (ભ.ધ.ફ.ઢ.): નવા કામમાં યશ મળે. ઘરના પ્રશ્નો હલ થાય. ખાણી-પીણીનાં ધંધામાં લાભ.
મકર (ખ.જ.): આવક વધારવામાં જીવનસાથી મિત્રોનો સાથ મળે. વિદેશના કામમાં મદદ મળે.
કુંભ (ગ.સ.શ.ષ.): નવા કામની યોજનામાં વડીલોની મદદ મળે. અચાનક સફળતાથી ઉત્સાહ વધે.
મીન (દ.ચ.ઝ.થ.): ઘર-પરિવાર તથા સમાજને લગતાં કામો પાર પડે. જાહેર જીવનમાં પ્રતિષ્ઠા વધશે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 02 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. આરોગ્ય સામાન્ય રહે. ઉધરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. નવા ધંધા-રોજગારમાં ટેકનોલોજીનો લાભ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસો, જાયદાદ, જમીન જેવા કામ વર્ષ દરમિયાન પણ થતાં રહેશે. વિદેશ પ્રવાસ, તથા આયાત, નિકાસનાં કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. સંતાનોનાં કામ સરળ બને. વડીલો- મિત્રોને મદદરૂપ બનશો તથા કુટુંબની અપેક્ષાઓ સંતોષવા પ્રયત્નો હકારાત્મક રહેશે. યાત્રા-પ્રવાસ , કાર્ય-કર્મ થાય. જૂન-જુલાઈમાં નવી નોકરી કે ધંધાની યોજના પાર પડે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં અશાંતિ વધશે.

અનુસંધાન... પાના પહેલાનું

ઇરાનના સંભવિત...

પ્રોજેક્ટાઈલ્સ અમેરિકી ગઠબંધને તોડી પાડ્યા હતા. ઈરાની સરકારી મીડિયાએ એવું કશું જણાવ્યું નથી કે ઈરાન ઈઝરાયેલમાં ટૂંક સયમમાં મિસાઈલો છોડી શકે છે. વ્હાઈટ હાઉસના અધિકારીઓએ પણ તેમના ગુપ્તચર તારણોના ટેકામાં તત્કાળ કોઈ પુરવા આપ્યા ન હતા.

પર્યાવરણવાદી ચળવળકાર...

દિલ્હીની બહારના વિસ્તારોમાં આવેલા ચાર પોલીસ સ્ટેશનોમાં કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. વિરોધકર્તા જૂથના એક પ્રતિનિધિએ કહ્યું હતું કે જેમને અટકાયતમાં રાખવામાં આવ્યા છે તેઓ પોલીસ સ્ટેશનોમાં અચોક્કસ મુદ્દતના ઉપવાસ પર ઉતર્યા છે. વાંગચુક અને તેમની સાથેના લોકોને સોમવારે રાત્રે દિલ્હીની સિંધુ બોર્ડર પર અટકાયતમાં લેવામાં આવ્યા છે. તેઓ જ્યારે પોતાની માગણીઓ માટે દબાણ કરવા માટે રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે પ્રતિબંધક આદેશોનો ભંગ કરવા બદલ તેમની અટકાયત કરવામાં આવી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું વાંગચુક અને તેમના સાથીદારો લડાખને રાજ્યનો દરજ્જો આપવા સહિતની માગણીઓ સાથે ચાર વર્ષથી આંદોલન ચલાવી રહ્યા છે. તેઓ એક મહિના પહેલાથી શરૂ થયેલ દિલ્હી ચલો પદયાત્રામાં દિલ્હી આવી પહોંચ્યા ત્યારે તેમની અટકાયત કરવામાં આવી હતી. વિપક્ષી નેતાઓ અને સામાજીક ચળવળકારોએ તેમની અટકાયને વખોડી કાઢી છે.

અભિનેતા ગોવિન્દાને...

અને એક-બે દિવસોમાં તેને રજા આપવામાં આવશે. ગોવિંદા, તેની કોમિક ટાઈમિંગ અને ડાન્સ કૌશલ માટે પ્રેક્ષકોમાં લોકપ્રિય છે, તેણે એક નિવેદનમાં તેના ચાહકોને જાણ કરી કે તેની તબિયત સારી છે. મારા ફેન્સ, મારા માતા-પિતા અને ભગવાનના આશીર્વાદથી, હું હવે સારો છું. મને ગોળી વાગી હતી, જેને કાઢી નાંખવામાં આવી છે. હું અહીં ડોક્ટરનો આભાર માનું છું. તમારી પ્રાર્થનાઓ માટે હું તમારા બધાનો આભાર માનું છું', એમ 'હીરો નંબર 1' ફિલ્મના અભિનેતા અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના સભ્યએ પોતાના ઓડિયો મેસેજમાં કહ્યું હતું. આ અકસ્માત સવારે 4.45 વાગ્યે થયો હતો જ્યારે તે એક શો માટે કોલકાતાની 6 વાગ્યાની ફ્લાઈટ પકડવા માટે ઘરેથી નીકળી રહ્યો હતો. લાયસન્સવાળી રિવોલ્વરનું ટ્રિગર અકસ્માતે દબાઈ ગયું જ્યારે અભિનેતા તેને અલમારીમાં રાખી રહ્યો હતો. ડોક્ટરે જણાવ્યા મુજબ ગોવિન્દાને ડાબા પગના ઘુંટણથી નીચે ગોળી વાગી હતી અને તેને 8-10 ટાંકા આવ્યા હતા. ગોવિન્દાએ 'ઈજ્જત', 'ગેંગ્લર', 'આંખે', 'રાજા બાબુ', 'બડે મિયાં છોટે મિયાં' જેવી કેટલીક સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું છે.

મિલકતોનું ડિમોલીશન:...

જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગુનાઓના આરોપીઓ સહિતના લોકોની મિલકતોનું ઘણા રાજ્યોમાં ડિમોલીશન કરવામાં આવી રહ્યું છે. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની એક બેન્ચે જણાવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ, ભલે તે ગમે તે ધર્મની હોય તેના દ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત બાંધકામ દૂર થવું જ જોઈએ. બેન્ચે તેના ૧૭ સપ્ટેમ્બરના ઓર્ડરમાં જણાવ્યું હતું કે કોઈ પણ મિલકતનું ડિમોલીશન પહેલી ઓકટોબર સુધી તેની પરવાનગી વિના થવું જોઈએ નહીં, આ આદેશ તે હવે આ બાબતમાં પોતાનો ચુકાદો આપી દે ત્યાં સુધી ચાલુ રહેશે. બેન્ચે એ પણ નિરિક્ષણ કર્યું હતું કે કોઈ એક ચોક્કસ ધર્મ માટે જુદો કાયદો હોઈ શકે નહીં. બેન્ચે સૂચન કર્યું હતું કે ડિમોલીશનના ઓર્ડર અને તેના અમલીક